ભોળાનાથ મહાદેવની
દીવ્ય સ્તુના પદો.

Reg. No. 1032

રચી પ્રસિદ્ધ કરનાર.
જોશી જયરામ રવજી ભાગલીઆ.

કચ્છ–માંડવીવાળા
મુંબઈ.
ઠે:–કાંદાવાડી શેઠ ધરમસીંહ ભવાનજી ઉનવાલાના
માળામાં કાકડવાડીને નાકે.

આવૃતી ૧ લી પ્રત ૧૦૦૦
સંવત ૧૯૬૯ શને ૧૯૧૩

કીંમત ૬ પાઈ.

ધર્મ વિજય પ્રીન્ટીંગ પ્રેસ પાયધુની નં૦ ૫૭૨–મુંબઇમાં
હરજીવન ભગવાને છાપી.

દિવ્ય સ્તુતિનાં ૩૨

અર્પણ પત્રિકા



શ્રી મહાદેવજીના
ચર્ણમાં.

દર્શન કરવા વખતે બોલવાની માહાદેવની સ્તુતી.

કવાલી.

ગિરિજા ના પતી પ્યારા, ત્રિશુલધર શ્રી ત્રીપૂરારી;
તમો કૈલાસના વાશી, અમલમાં અર્જ દયો મારી. ટેક૦
બધિ લીલા તમારી છે, પ્રતાપી નામ ભારી છે;
અજબ ગુણ છે રહ્યું એમાં, સુખ સર્વત્ર દેનારી. ગિરિજા૦
મુકંઠે રૂંઢની માલા, વસન શુભ સર્પ મૃગ છાલા;
ગજાનના પીતા કહાવો; સદાશીવ છો સુખાકારી. ગિરિજા૦
કમલ પ્રિય છે બહુ તમને, સુખી કરતા રહો અમને;
દયાળુ છો તમો સ્વામીં, કૃપાની છે બલીહારી. ગિરિજા૦
ગરલ કંઠે રહ્યા ધારી, મુકુટ શિર ગંગનું વારી;
જપી જયરામ લે તેને મટે સૌ ફંદયા ભારી. ગિરિજા૦

માહાદેવજીની યોગ્યતા.

ભુજંગી છંદ.

ભોળાનાથ શંભુ, માહાદેવ મોટા;
બીજા દેવ એથી, ગણું છેક છોટા.
દયાળુ શિવની, શમ છે ન કોઇ,
ઘણીવાર શાસ્ત્રો, તપાસી જ જોઇ.
જુવો રાવણાદી, અસુરો જ પાપી;
ભોળાનાથથી, સૌ થયાં છે પ્રતાપી.

જલ શુદ્ધનો, જે ચડાવેજ લોટો;
પછી માગસે, જો કદી પુત્ર જોટો.
ભોળાનાથને, આપતાં વાર કેવી;
જશ તો જુવો, તેમને નીત્ય સેવી.
ઘણાં ચંદનોથી, પ્રભુને વિરામ;
રચી છંદ જયરામ, કહે છે તમામ.

માહાદેવજીની આરતી.

ખ્યાલ.

ખુશી થકી સૌ ગાઓ જગતમાં, આરતીઓ શિવશંકરની;
એછે ભોળાનાથ દિગંબર, વ્યથા હરે છે ભિતરની.
કોઇ ચડાવે બીલ પુષ્પને, કોઈ ચડાવે છે વારી;
અક્ષત ચંદન ધુપ દિપની, ધરી રહ્યા કરમાં થારી.
ઘૃતના દીવા અંગરબત્તીઓ, સુગંધ ભપકી રહી ભારી;
હર હર શિવ શિવ જપી નામને, પય પુજા કરતાં પ્યારી.
ઘીની પુજા સોમવારની, શ્રાવણમાંજ બનાવે છે;
જોનારાઓના મનમાં, આનંદ અતીશય આવે છે.
ભષ્મ અંગપર શ્વેત બિરાજે, કંઠે પંચમુખી માલા;
અર્ધચંદ્ર ત્રીપુંડ્ર લલાટે, પવિત્ર આસન મૃગ છાલા.
ડાકણ શાકણ અને વૈતરી, કુષ્માંડાનો પાર નહિ;
ભયાનકો ભૈરવની સંખ્યા, મુખે કદી નવ જાય કહી.

ડિમિક ડિમિક ડમરૂં વાજે છે, શીંગડીઓના શબ્દ ઘણાં;
ભોળાનાથ માહાદેવ તણાં, તે ચરિત્રમાં શી હોય મણાં.
પારીજાતક પુષ્પ ધતુરો, ભાંગ અતીશય છે પ્યારી;
પ્રસન્ન ચીત્ત પ્રભુનું દીઠું, મળી જતાં સીતલ વારી.
ખુશબખતીના ખ્યાલ રચી, જયરામ કવી સંભળાવે છે;
બાબુલનાથ તણાં મંદિરમાં, શંકરનેજ મનાવે છે.

માહાદેવજીની સ્તુતી.

લાવણી.

શિવશંકર ભોળાનાથ, જગત પ્રખ્યાત આપની કરણી;
હું અલ્પ જીવ શું કહું, મુખેથી વરણી.
છો આપ ત્રિભુવન પતિ, મહેશ્વર જાતે;
સેવક પુજન સૌ કરે, મહાશિવ રાત્રે.
નિજ ઉપાસના કરનાર, હશે જન કોઇ;
હાલત દુઃખની મેં કદી, કયાંય નવ જોઇ.
ધન ઘડી અને, ધનભાગ તેના કહેવાશે;
પુજન પ્રકાર નીજ હાથ, કદી જો થાશે.
સિવ બે અક્ષરનું નામ, પાપને ટાળે;
અંતરજામી કરી કૃપા, પરમપદ આલે.
નીજ કથા શ્રવણ કરનાર, મુકિતને પામે;
નિશ્ચય કરીને અહિં, લખી કહ્યું જયરામે.

કૈલાસ વર્ણન.

કવાલી.

શિવ કૈલાસ વાસીનું, ભજન કરતું અરે પ્રાણી;
એથી પામીસ તું સર્વે, કહે ત્યાં ખોટ છે શાની. ટેક૦
વિટપ વેલા અને વાડી, અતિ આનંદમય ઝાડી;
કરિ પક્ષિ રહ્યા શબ્દો, મણાં તેમાં વળી શાની. શિવ૦
મયુરો મસ્ત થઈને જ્યાં, અખાળાઓ કરે છે ત્યાં;
રહિ છે કોકીલા ગાજી, મધુર સ્વરથી વદે વાણી. શિવ૦
વિવિધ હંસો તણી કરણી મુખેથી શું કહું વરણી;
સોનાની ચાંચથી ચરતાં, વૃત્તિ એમાંજ રોકાણી. શિવ૦
રહ્યાં છે પાર્વતિ સંગે, ધરિ આભુષણો અંગે;
બીરાજીને રહ્યા એ જે, ઘણી ખુબીજ છે ત્યાંની. શિવ૦
પ્રસાદિ ભાંગની લેજો, ચિલમ ગાંજા તણી પીજો;
બધું એ યોગીને શોભે, નકી જયરામ લે માની. શિવ૦

ભક્તોને ભલામણ.

કયા તન જતન બચાના—એ રાગ.

દુઃખિઆ થસો ન કોઇ, શંકર સહાય લેહેરી. સ્નેહ [illegible] સ્મરિલો.
એ દેવ મહા સમર્થ, ભોળો છતાં પવિત્ર કહિને ગયા. વડીલો—સ્નેહ૦
સરણું થવુંજ સારૂં, મન સાથ મેં વિચાર્યું. કંઇ છે [illegible]એ. જુઠીલો—સ્નેહ૦

વિસ્નુ વિરંચી આદી, સેવે કહી પીતાજી. મુદ્દલનથીજ. મલો-સ્નેહે૦
વેદો દશા વખાણી, સક્તિ પ્રબલ સમાંણી.
જયરામ જરા તેને તું, સ્નેહે થકી સ્મરિલો.

મહાદેવજીને સરણ થવા વિષે.

કવાલી.

સકલ જંજાલ તું છોડી, સદા શિવને સરણ થઈ જા.
મનોહર છે ક્રિયા જેની, પ્રગટતું ધ્યાન ધરતો જા. ટેક૦
જટિલ જોગી ભયંકરની, અગર જો થઇ દયા તેની.
પીડા રહેસે પછી ક્યાંથી, જરા મનમાં સમજતો જા.—સકલ૦
નથી પહોંચી સકયો તેને, મદન જેવો અરી જેને.
પ્રતાપી નામ છે જેનુ, નમન કરતો સદા તું જા.—સકલ૦
પીશાચી વર્ગની છાયા, ગણો એની બધી માયા.
વિનાસે છે શિવ કહેતાં, દર્શન તેના તું કરતો જા.—સકલ૦
જગત કારણ તમો સ્વામી, કહે જયરામ શિરનામી.
દમન કરતા રહો દુઃખનું, આખિલ બ્રહ્માંડના રાજા--સકલ૦

સુચનાઃ—

હુમારા દરેક પુસ્તકો કે જે આખા શહેરમાં પસાર થએલા છે તે નીચે લખેલે ઠેકાણેથી મલસે. પાંજરાપોળના નાકા પાસે.

મેલાપ સવારના ૮ થી ૧૦ સાંજના ૫ થી ૭ બાકીનો વખત ઘર આગળ.

ઠે૦ બહારકોટ. કાંદાવાડી કાકડવાડીને નાકે શેઠ ઘરમસિંહ ભવાનજી ઉનવાલાના માળામાં પેલે દાદરે કર્તા પાસેથી.

કર્તા જોશી જયરામ રવજી ભાગલીઆ.

કચ્છમાંડવીવાલા.

સમાપ્ત.